પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :- (સુધારા જાહેરનામુ)

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ.**

**ક્રમાંક: વિ.શા/મોબાઇલ સીમકાર્ડ જાહેરનામું/ સેકશન/પરમીટ / ૨૯/૨૦૨૦**

**વંચાણે લીધા**:-(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર, નાઓના જાવક પત્ર ક્રમાંક: જી/ ૭૨૫/નાપોકમિ/સા.કા./૯૫૬/૨૦૨૦ તા.૦૮/૦૬/૨૦૨૦ તથા ;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૨, અમદાવા શહેર, નાઓના જાવક પત્ર ક્રમાંક: જી/૭૨૫/ ઝોન-૨ /૧૬૫૭/ ૨૦૨૦ તા.૦૮/૦૬/૨૦૨૦ આધારે.

ગુનાહિત પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઇસમો, પોતાના આર્થિક ફાયદા માટે મોબાઇલ સીમકાર્ડનો દુર ઉપયોગ કરીને લોકોની સાથે છેતરપિંડી, મોબાઇલ ફોન ચોરી તેમજ મિલકત સબંધી તથા અન્ય કિસ્સામાં શરીર સબંધી ગુનાઓમાં મોબાઇલ સીમકાર્ડનો દુર ઉપયોગ કરીને ધાક ધમકી આપતા હોવાના ઘણા ગુનાઓ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ છે.

દિન પ્રતિદિન મોબાઇલ ફોનના તથા ઇન્ટરનેટના ઉપયોગ દ્વારા e-કોમર્સનું ચલણ વધી રહ્યું છે. સાયબર સબંધિત ગુનાઓના કામે મોટા ભાગના સીમકાર્ડ ખોટા નામ સરનામાના આધારે મેળવી ગુન્હેગારો દેશના કોઇપણ ખુણે બેસીને અપરાધને અંજામ આપતા હોવાનું ધ્યાને આવેલ છે.

ઘણા ગુનાઓની કામગીરીમાં ગુનાહીત કૃત્ય દરમ્યાન મોબાઇલ ફોન હોવાનું પણ તપાસ એજન્સીઓની તપાસ દરમ્યાન ફલિત થયેલ છે.આથી મોબાઇલ ફોનના સીમકાર્ડના ખરીદ-વેચાણ દરમ્યાન યોગ્ય કાર્યરીતિનું પાલન થાય તે હેતુથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

જેથી હું આશિષ ભાટિયા,પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર નાઓના કચેરી ક્રમાંક:એન.જી.ઓ./ટેલીફોન બુથ/૧૭૦/૨૦૧૨, તા.03/૦૪/૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨ ની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબનો **સુધારા હુકમ કરૂ છું:**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઇલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડીસ્ટ્રીબ્યુટર/રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસણી કરવી તથા તમામ પુરાવાઓની ઝેરોક્ષ રાખવી અથવા ડિઝીટલ ફોર્મમા પુરાવાઓ રાખવા અને આ અંગેના ડીસ્ટ્રીબ્યુટર/રીટેલર દ્વારા ડિઝીટલ એક્ટિવેશન થકી DKYC/ eKYC કરવામા આવે છે ,જેની માહિતી દરેક ડીસ્ટ્રીબ્યુટર/રીટેલરે excel format માં રાખવાની રેહશે.



Scanned with CamScanner

ઉપરોક્ત જણાવેલ નામ-સરનામાની માહિતી excel formatમાં ત્રણ વર્ષ સુધી સાચવવાની રેહ્શે તથા તેની હાર્ડકોપી કાઢીને રેકોર્ડ મા રાખવાની રહેશે. આ દરમિયાન data theft, data loss કે data corrupt ન થાય તે જોવાની જવાબદારી ડીસ્ટ્રીબ્યુટર/રીટેલરે વિક્રેતા ની રહેશે અને ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજોના પુરાવાની માહિતીનું રજીસ્ટર રાખવું અને તેની ઓળખ અંગેની ફરજિયાત નોંધણી રજીસ્ટરો નિભાવીને કરવાની રહેશે. **ઉપરોકત જણાવેલ તમામ માહિતી ત્રણ વર્ષ સુધી સાચવવાની રહેશે.**

આ હુકમ **તા.૧૩/૦૬/૨૦૨૦** ના કલાક **૦૦/૦૦** થી **તા.૧૧/૦૮/૨૦૨૦** ના કલાક **૨૪/૦૦** સુધી **દિન-૬૦** માટે અમલમાં રહેશે.

**-:વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:વિજ્ઞાપન જાહેર:-**

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

**-:શિક્ષા:-**

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઇન્સપેકટરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે **ભારતીય દંડ સહિતા ૧૮૬૦ ની કલમ ૧૮૮** મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.**૧૭/૦૬/૨૦૨૦** ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

( આશીષ ભાટિયા )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.



Scanned with CamScanner

(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) PRO, C.P. Ahmedabad website પર twitter handle ઉપર Social Media પર પ્રસિધ્ધ થવા બાબત

Scanned with CamScanner